# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-08-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

**************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના અમદાવાદમાં ભારતમાં બનેલી બૅટરી ઇલેક્ટ્રીક વાહન ઇ-વિટારાને લીલીઝંડી બતાવી.**
2. **પ્રધાનમંત્રીએ કહ્યું, "મેંક ઇન ઇન્ડિયા" અભિયાનથી વૈશ્વિક અને સ્થાનિક ઉત્પાદકો માટે દેશમાં અનુકૂળ વાતાવરણ બન્યું.**
3. **અમેરિકાએ ભારતથી થતી આયાત પર વધારાનો 25 ટકા વેરો લગાવવાની સત્તાવાર નૉટિસ જાહેર કરી**
4. **ગુજરાતમાં શનિવાર અને રાજસ્થાનમાં આવતીકાલ સુધી ધોધમાર વરસાદની આગાહી**
5. **ભારતીય ભાલાફેંક ખેલાડી નિરજ ચોપરા ગુરુવારે જ્યૂરિખમાં ડાયમંડ લિગ ફાઈનલ ઍથ્લેટિક્સ ચૅમ્પિયનશીપમાં ભાગ લેશે.**

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM E VITARA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ગુજરાતમાં અમદાવાદના હંસલપુર ખાતે ભારતમાં બનેલી બૅટરી ઇલેક્ટ્રીક વાહન ઇ-વિટારાને લીલીઝંડી બતાવી. આ વાહનોનો યુરોપ અને જાપાન જેવા મુખ્ય બજાર સહિત 100થી વધુ દેશમાં નિકાસ કરાશે. શ્રી મોદીએ અમદાવાદના હંસલપુરમાં સુઝૂકી મૉટરના પ્લાન્ટમાં પ્રદર્શનનું પણ નિરીક્ષણ કર્યું.

સ્વચ્છ ઊર્જામાં આત્મનિર્ભરતા હાંસલ કરવાની દિશામાં એક મોટું પગલું ઉઠાવતા પ્રધાનમંત્રીએ હંસલપુર આધારિત TDS લિથિયમ આયન બૅટરી પ્લાન્ટમાં હાઈબ્રિડ બૅટરી ઇલેક્ટ્રૉડના સ્થાનિક ઉત્પાદનની શરૂઆતની સાથે ભારતના બૅટરી તંત્રના નવા તબક્કાનો શુભારંભ કરાવ્યો. આ પ્લાન્ટ તોશિબા, ડૅન્સો અને સુઝૂકીનું સંયુક્ત ઉપક્રમ છે. તેનાથી સ્થાનિક ઉત્પાદન અને સ્વચ્છ ઊર્જામાં નવિનતાને બળ મળશે. 80 ટકાથી વધુ બૅટરીનું નિર્માણ હવે દેશમાં જ થશે.

# PM SAMBODHAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, ભારત પાસે લોકશાહીની શક્તિ, વસ્તી વિષયક સુવિધાઓ અને કુશળ કાર્યબળનો મોટો સમૂહ છે. અમદાવાદના હંસલપુર ખાતે સુઝૂકીના પહેલા વૈશ્વિક બૅટરી ઇલેક્ટ્રિક વાહન ઇ-વિટારાના ઔપચારિક લોકાર્પણ કાર્યક્રમમાં શ્રી મોદીએ આમ જણાવ્યું હતું. તેમણે કહ્યું, ગણેશોત્સવના આ

ઉત્સાહમાં આજે ભારતની મેક ઇન ઇન્ડિયા યાત્રામાં નવો અધ્યાય જોડાઈ રહ્યો છે. આ દિવસ ભારત અને જાપાન વચ્ચેની મિત્રતાને એક નવી દિશા આપી રહ્યો છે.

## (BYTE: PM NARENDRA MODI)

શ્રી મોદીએ કહ્યું, આપણે મેક ઇન ઇન્ડિયા અભિયાન શરૂ કર્યું. અને વૈશ્વિક તથા સ્થાનિક ઉત્પાદકો બંને માટે દેશમાં અનુકૂળ વાતાવરણ બનાવ્યું. સેમિ-કન્ડક્ટર ક્ષેત્રમાં ભારત પ્રસ્થાન કરી રહ્યું છે. દેશમાં આવા છ પ્લાન્ટ તૈયાર કરાશે. આગામી સમયમાં મારૂતિ નવા ઉત્સાહ અને ઊર્જા સાથે આગળ વધશે તેવો વિશ્વાસ પણ શ્રી મોદીએ વ્યક્ત કર્યો.

## US INDIA TARRIFS

અમેરિકાએ ભારતથી થતી આયાત પર વધારાનો 25 ટકા વેરો લગાવવાની સત્તાવાર નૉટિસ જાહેર કરી છે. નવો વેરો આવતીકાલથી લાગુ થશે. આ નૉટિસ મુજબ, આ વેરો છ ઑગસ્ટે હસ્તાક્ષર કરાયેલા રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પના કાર્યકારી આદેશને લાગુ કરે છે.

## (V/C- MANOJ KUMAR)

# CDS: RAN SAMVAD

ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ, જનરલ અનિલ ચૌહાણે જણાવ્યું હતું કે ભારતની સ્વદેશી રીતે વિકસિત આયર્ન ડોમ સિસ્ટમ સુદર્શન ચક્ર વ્યૂહાત્મક, નાગરિક અને રાષ્ટ્રીય મહત્વના સ્થળોનું રક્ષણ કરશે.

આજે મધ્યપ્રદેશમાં આર્મી વોર કોલેજ ખાતે યુદ્ધ, વ્યૂહરચના અને યુદ્ધ પર બે દિવસીય ત્રિ-સેવા સંવાદ કાર્યક્રમ, રણ સંવાદ-2025 ને સંબોધતા, શ્રી ચૌહાણે કહ્યું કે આ સિસ્ટમમાં મજબૂત માળખાગત સુવિધાઓ અને પ્રક્રિયાઓનો વિકાસ શામેલ હશે.

તેમણે કહ્યું કે ઓપરેશન સિંદૂર જેવા આધુનિક યુદ્ધમાં અદ્યતન સંરક્ષણ તકનીકોના ઘણા ઉદાહરણો આપવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે ભારત શાંતિપ્રિય દેશ છે, પરંતુ શક્તિ વિના શાંતિ કાલ્પનિક છે.

શ્રી ચૌહાણે કહ્યું કે ભવિષ્યના યુદ્ધો માટે તમામ ક્ષેત્રોમાં ઝડપી અને સંયુક્ત પ્રતિભાવોની જરૂર પડશે. તેમણે સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા વધારવા માટે અદ્યતન તકનીક અને કૃત્રિમ બુદ્ધિમત્તાના સમાવેશ પર ભાર મૂક્યો.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.............

# ZELENSKY PM MODI

યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીએ પોતાના દેશના સ્વતંત્રતા દિવસે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની હાર્દિક શુભકામનાઓ સાથે તેમનો આભાર વ્યક્ત કર્યો. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી ઝેલેન્સ્કીએ શાન્તિ અને સંવાદ પ્રત્યે ભારતના સમર્પણની પ્રશંસા કરી. તેમણે કહ્યું, ભારત સ્થાયી શાન્તિ સાથે યુદ્ધનો અંત લાવશે તેવી યુક્રેનને આશા છે.

શ્રી ઝેલેન્સ્કીએ પ્રધાનમંત્રી મોદીનો એક પત્ર રજૂ કર્યો, જેમાં પ્રધાનમંત્રીએ ભારતના સ્વતંત્રતા દિવસ નિમિત્તે તેમની શુભકામનાઓ બદલ આભાર વ્યક્ત કર્યો અને યુક્રેનના લોકોને પોતાની શુભેચ્છાઓ પાઠવી.

# WEATHER FORECAST

હવામાન ખાતાએ ગુજરાતમાં શનિવાર સુધી અને રાજસ્થાનમાં આવતીકાલ સુધી ધોધમાર વરસાદ થવાની આગાહી કરી છે. દિલ્હી, ચંદીગઢ, હરિયાણા, પંજાબ, જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ઓડિશા અને આંધ્રપ્રદેશના દરિયાકાંઠામાં આજે ભારે વરસાદની સંભાવના છે. જ્યારે છત્તીસગઢ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પશ્ચિમ મધ્યપ્રદેશ, મધ્ય મહારાષ્ટ્ર, કોંકણ, ગોઆ, કર્ણાટકના દરિયાકાંઠા, કેરળ, માહે અને તેલંગાણામાં આજે વિવિધ સ્થળ પર ભારે વરસાદ થઈ શકે છે.

જ્યારે બિહાર, ગુજરાત, આંતરિક કર્ણાટક, ઝારખંડ, તેલંગાણા, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા તથા અંદામાન અને નિકોબાર ટાપુમાં ગાજવીજ સાથે વીજળીના કડાકા અને ઝડપી પવન ફૂંકાવવાની આગાહી છે.

# BIHAR FLOOD ALERT

કેન્દ્રીય જળ આયોગે પટણા અને ભાગલપુર સહિત બિહારના અનેક સ્થળોએ ગંગા નદીના જળસ્તરમાં તીવ્ર વધારા અંગે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે.

આજે સવારે વિવિધ ગેજ સ્ટેશનો પર પાણીનું સ્તર ભયજનક સ્તરથી ઉપર નોંધાયું હોવાથી અનેક વિસ્તારોમાં પૂરની ચેતવણી પણ આપી છે.ગંગા નદીનું પાણી અનેક સ્થળોએ ભયજનક સ્તરને વટાવી ગયું હોવાથી લોકોનું સાવચેત રહેવા જણાવાયું છે. ગંગા જળક્ષેત્રની અન્ય નદીઓમાં પણ પૂરની સ્થિતિ છે.

# PAK FLOOD CRISIS

પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વામાં ભારે વરસાદને કારણે જનજીવન ખોરવાયું છે. ભારે પુરના કારણે માળખાકીય સુવિધાઓ, ખેતીની જમીન અને અનેક ઘરોને નુકશાન થયું છે.

પ્રાંતીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળના જણાવ્યા મુજબ, 15 ઓગસ્ટથી અત્યાર સુધીમાં 400 થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. આ સાથે પાણીજન્ય અને ચામડીના રોગના કેસ વધી રહ્યા છે.

સરકાર અને સામાજિક સંસ્થાઓ દ્વારા સ્થાપિત ઇમરજન્સી મેડિકલ કેમ્પમાં હજારો બાળકો સહિત લોકોની સારવાર કરવામાં આવી રહી છે.

# TYPHOON KAJIKI

વિયેતનામમાં આવેલા કાજીકી વાવાઝોડામાં ત્રણ લોકોના મોત જ્યારે દસ જેટલા લોકો ઇજાગ્રસ્ત થયાના અહેવાલ છે. વાવાઝોડાને કારણે ભારે પવન અને વરસાદ થતાં વ્યાપક પૂર આવ્યું હતું.

વિયેતનામના કૃષિ અને પર્યાવરણ મંત્રાલયના જણાવ્યા મુજબ, વાવાઝોડાને કારણે 6,800 થી વધુ ઘરને નુકસાન થયું છે અને લગભગ 31,000 હેક્ટર જમીન પરનો પાક નાશ પામ્યો છે. 331 વીજળીના થાંભલા પડી ગયા છે આ સાથે વિમાન અને ટ્રેન સેવાઓ સ્થગિત કરવામાં આવી છે.

# NEERAJ CHOPRA DIAMOND LEAGUE

ભારતના સ્ટાર ભાલાફેંક ખેલાડી નિરજ ચોપરા ગુરુવારે જ્યૂરિખમાં ડાયમંડ લિગ ફાઈનલ ઍથ્લેટિક્સ ચેમ્પિયનશીપમાં ભાગ લેશે. તેમને ગ્રેનાડાના ઍન્ડરસન પીટર્સ અને જર્મનીના જૂલિયન વેબર સામે પડકારનો સામનો કરવો પડશે.

બે વખતના ઑલિમ્પિક ચંદ્રક વિજેતા અને વર્ષ 2022માં ડાયમંડ લિગનો ખિતાબ વિજેતા નિરજ ચોપરા વર્ષ 2023 અને 2024માં બીજા સ્થાન પર રહ્યા હતા. તેમણે આ વર્ષે દોહામાં ક્વાલિફાઇંગ સ્પર્ધામાં બીજા સ્થાને રહી 90.23 મીટર દૂર સુધી ભાલો ફેંકી સત્રનું સૌથી ઉત્તમ પ્રદર્શન કર્યું હતું. પૅરિસમાં તેમણે 88.16 મીટર દૂર ભાલો ફેંકને ખિતાબ જીત્યો હતો. નિરજ ચોપરાએ આ સત્રમાં અત્યાર સુધી છ સ્પર્ધામાં ભાગ લીધો અને ચારમાં ખિતાબ જીત્યો છે.

એક દિવસની આ ડાયમંડ લિગ ફાઈનલમાં ખેલાડીઓ 32 સ્પર્ધામાં ભાગ લેશે. વિજેતા ખેલાડીઓને આવતા મહિને ટૉક્યોમાં યોજાનારી વિશ્વ ઍથ્લેટિક્સ સ્પર્ધામાં સીધો પ્રવેશ મળશે. નિરજ ચોપરાએ ગયા વર્ષે વિશ્વ ઍથ્લેટિક્સનો ખિતાબ જીત્યો હતો.